विद्या सर्वार्थ साधिका

# આનંદાલય
## સંકલિત મૂલ્યાંકન
## ધોરણ : ૭

વિષય : ગુજરાતી — કુલ અંક : 30

તા : ૦૬.૦૯.૨૦૧૬ — સમય : ૧:00 કલાક

નામ : ____________________ કક્ષા: ______ ક્રમાંક: ______________

પ. ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. ૮

૧. વૃદ્ધ કાગડાએ ઘુવડના રાજાને શું કહ્યું?

૨.વાંદરાભાઈનું પૂંછડું થડમાં કેવી રીતે ફસાઈ ગયું ?

૩. સિંહણે શિયાળના બચ્ચાને એકાંતમાં બોલાવીન શું કહ્યું ?

૪.નોળિયાએ શું કર્યું ?

| |
|---|
| |
| |
| |
| |
| |

પ્ર. ૨ નિર્દેશ પ્રમાણે લખો.

અ.સમાનાર્થી શબ્દ આપો. ૪

શરણ ☐ શહેર ☐ સાપ ☐ હાથી ☐

બ.વિરોધી શબ્દ આપો. ૪

બળવાન ☐ હંમેશા ☐ લુચ્ચો ☐ પોતાનું ☐

ક. ખાલી જગ્યા પૂરો ૩

૧.ત્રણેય બચ્ચાંએ એક ......... આવતો જોયો.

૨.વાંદરાની જાત તો ...........

૩.વૃદ્ધ કાગડો ........ ભેગાં કરવા લાગ્યો.

પ્ર.૩. અ નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે લખો. ૩

૧.બગલો નદી કાંઠે જઈ રડવા લાગ્યો. ☐

૨.કાગડા લીમડાના ઝાડ પર રહેતા હતા. ☐

૩.સિંહણને શિયાળના બચ્ચા પર દયા આવી. ☐

બ. કોણ કોને કહે છે તે લખો. ૨

૧. 'ઘુવડોનો રાજા રાત્રે આવે છે.' 

૨.' આ સાપને દૂર કરવાની યુક્તિ બતાવો.' 

ક. કાવ્યપૂર્તિ કરો ૨

ઓ હિંદ......સંતાન.

| |
|---|
| ઓ હિંદ |
| |
| |
| સંતાન. |

પ્ર.૪. અ નીચેની વાર્તા વાંચીને પ્રશ્નોના જવાબ આપો. ૪

એક નગરમાં એક શેઠ પોતાના ત્રણ પુત્રો સાથે રહેતો હતો. શેઠજીએ પોતાના વેપારને પોતાની જાતમહેનતથી ઘણો આગળ વધાર્યો હતો. તેના ત્રણે છોકરાઓ હજુ નાના જ હતા, છતાં તે અત્યારથી જ એ નક્કી કરી લેવા માંગતા હતા કે તેમાનો ધંધો આગળ જતા કોણ સંભાળવાને યોગ્ય છે. પણ તેમને સમજાતુ નહોતુ કે તેઓ પોતાના વારસદારના મુખ્ય વ્યક્તિના રૂપે કયા પુત્રને પસંદ કરે.

બહુ સમજ્યા વિચાર્યા પછી તેણે પોતાના ત્રણે છોકરાઓને બોલાવ્યા. શેઠજીએ ત્રણે પુત્રોને એક એક મુઠ્ઠી ચોખા આપ્યા અને કહ્યુ કે એક વર્ષ પછી મને પાછા આપજો.

મોટો પુત્ર પિતા પ્રત્યે અપાર શ્રધ્ધા રાખતો હતો તેથી તેણે એ ચોખાને એક પોટલીમાં બાંધીને પૂજામાં મૂકી દીધા. બીજો પુત્ર થોડો મનમોજી હતો તેણે બધા ચોખા પક્ષીઓને ખાવા ધરી દીધા. ત્રીજો પુત્ર થોડો ગંભીર પ્રકારનો હતો. તેણે વિચાર્યુ કે પિતાજીએ આ ચોખા કશુક સમજી વિચારીને જ આપ્યા હશે. ઘણુ વિચાર્યા પછી તેણે તે ચોખાના દાણા ખેતરમાં જઈને વાવી દીધા.

એક વર્ષ પછી શેઠજીએ ત્રણે પુત્રોને બોલાવ્યા અને પોતે આપેલા ચોખા માંગ્યા. મોટા પુત્રએ ચોખાને બાંધીને સાચવી રાખ્યા હતા. તેણે પિતાની આગળ પોટલી મુકી દીધી. બીજા પુત્રએ નવા ચોખા લાવીને પિતાજીની આગળ મુકી દીધા પણ અનુભવી પિતા સમજી ગયા કે આ નવા ચોખા છે.

જ્યારે ત્રીજા પુત્ર પાસે ચોખાની માંગણી કરી તો તે ઉઠીને બહાર ચાલ્યો ગયો અને થોડીવાર પછી નોકરની સાથે એક બોરી ચોખા લઈને આવ્યો. બોરી ચોખાથી આખી ભરેલી હતી. પિતાજીએ કહ્યુ કે મેં તો તને માત્ર એક જ મુઠ્ઠી ચોખા આપ્યા હતા તો પછી એક બોરો ભરીને ચોખા ક્યાથી આવ્યા ?

પુત્રએ કહ્યુ - હા, પિતાજી તમે તો મને એક જ મુઠ્ઠી ચોખા આપ્યા હતા, પણ મે ઘણુ સમજી વિચારીને તે ચોખાને વાવી દીધા અને તેનુ પરિણામ તમારી સામે છે.

આ સાંભળીને શેઠજી ખૂબ ખુશ થયા. તેમણે પોતાના ત્રીજા પુત્રને બધી જવાબદારી સોપી દીધી.

૧. શેઠે ત્રણેય પુત્રોને શા માટે એક એક મુઠ્ઠી ચોખા આપ્યા ?

૨. ત્રીજા પુત્રએ શું વિચાર્યુ ? તેણે ચોખાનું શું કર્યું ?

૩. એક વરસ પછી ત્રણેય પુત્રોએ શેઠજીને શું આપ્યું ?

૪. પોતાનો  ધંધા શેઠજીએ કોને સોંપ્યો ?